અપીલ અરજી નં.૩૩૮ તા.૧૭–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૪–૯–૧૧ની અરજીથી નીચે મુજબના બાંધકામોની કાયદેસરતા બાબતની માંગવામાં આવેલ માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.(૧) સારોલી ગામ કાંતારેશ્વર સોસાયટી સામે ત્રણ જેટલા બંગલા બનાવેલ છે જેની જમીનના માલિક તથા બાંધકામની કાયદેસરતાની વિગતો આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૮/૨૦૧૧–૧૨

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૪–૯–૧૧ની અરજીથી નીચે મુજબના બાંધકામોની કાયદેસરતા બાબતની માંગવામાં આવેલ માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.(૧) સારોલી ગામ કાંતારેશ્વર સોસાયટી સામે ત્રણ જેટલા બંગલા બનાવેલ છે જેની જમીનના માલિક તથા બાંધકામની કાયદેસરતાની વિગતો આપવી વિ.મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે કોઈ જ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૬ તા.૨–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન કોઈ માહિતી મળે તો તે માહિતી મળ્યા બાદ નારાજગી હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૫–૧૧–૧૧ ના પૂરક પત્રથી અરજદારની મુળ અરજીની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ અકણ/આરટીઆઈ/આ.નં. ૮૦૦ તા.૧૬–૯–૧૧ થી વરાછાઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૮૦ તા.૧૮–૧૦–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૮–૧૧–૧૧ નો પૂરક પત્ર તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૪–૯–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને સંબોધતી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં. ૮૦૦ તા.૧૬–૯–૧૧ થી વરાછાઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સારોલી ગામ કાંતારેશ્વર સોસાયટી સામે ત્રણ જેટલા બંગલા બનાવેલ છે જેની જમીનના માલિક તથા બાંધકામની કાયદેસરતાની વિગતો આપવી. મુદ્દા નં.(૨) મોડેલ ટાઉન રેજન્સી હાઈરાઈઝ બિલ્ડીંગમાં ક્ષેત્રફળ મુજબ આપેલ માળ + માર્જન + પાર્કીગની સંપૂર્ણ પરવાનગી મુજબની વિગતો તથા હાલમાં ચાલુ છે તે સ્થિતિ સહિતની માહિતી આપવી. મુદ્દા નં.(૩) વરાછાઝોન ધ્વારા છેલ્લા એક વર્ષમાં ગેરકાયદે બાંધકામોને આપેલ નોટીસોની માહિતીની નકલોની માહિતી નકલ સહિત આપવી જેમાં વિસ્તાર મુજબના શહેર વિકાસ અધિકારી સહિતની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન ધ્વારા છેલ્લા એક વર્ષમાં ગેરકાયદે બાંધકામધારકોને આપેલ નોટીસ અને અધિકારી સહિતની માહિતી નીચે મુજબ છે. (૧) શ્રી ડી.એમ. પટેલ (જુની. ઈજનેર) ટી.પી. ૨૨–૨, ટીપી ૨૪–૧, ટીપી –૨૧–૨, ટીપી ૨૫–૧ (૨) શ્રી જે.કે. પારેખ (જુની. ઈજનેર) ટીપી ૮ અને ટીપી –૩ નીલ (૩) શ્રી કેસુર ચૌધરી (જુની. ઈજનેર) ટીપી ૧૬ , ટીપી ૩૮–૪, ટીપી ૨૦–૧, (૪) શ્રી મનોજ માંજરાવાલા (જુની. ઈજનેર) ટીપી ૩૪–૧, ટીપી ૫૩ તથા ટીપી ૬૪– નીલ (૫) શ્રી નિલાંગ ગાયવાલા (આસી. ઈજનેર) ટીપી ૪–૯, ટી.પી. ૧૫–૧ ટીપી –૧ ૭,–૧ ફુલપાડા (ગામતળ) – નીલ (૬) શ્રી અમિત દેસાઈ (જુની. ઈજનેર) ટીપી ૧૧,૧૨,૧૭,૨૦,૬૦) તમામ પુણા તથા ૬૮ (પુણા–સીમાડા)–નીલ મુદ્દા નં.(૪) મુદ્દા નં.૩ મુજબ આપેલી નોટીસો જે તે અધિકારી ધ્વારા અપાયેલ હોય તથા અત્યાર સુધી કાર્યવાહી ન થઈ હોય તો

જુની. ઈજનેર તથા ડે. ઈજનેરની જવાબદારી કેટલી બને છે જે વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી માહિતી અધિકારના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાથી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૧૭–૧૦–૧૧ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૭–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અપીલ તબકકે અરજદારને માહિતી મળ્યા બાદ નારાજગી રજૂ કરવા જણાવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટી આઈ/૪૮૦ તા.૧૮–૧૦–૧૧ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જે અંગે માહિતી મળ્યા બાદ અરજદારે તા.૮–૧૧–૧૧ થી અપીલ તબકકે તદ્દન બેબુનીયાદ અને અધૂરી માહિતી પૂરી પાડેલ છે જેનાથી નારાજ હોવાની રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં.૩ અને ૪ ની ગેરકાયદેસર બાંધકામ ધારકોની નોટીસની નકલો સહિત માહિતી પૂરી પાડવી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૩ માં એક વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ ધારકોને આપેલ નોટીસ અને અધિકારી સહિતની માહિતી જણાવેલ છે જેમાં આપેલ નોટીસોની સંખ્યા તેમજ માહિતી નીલ હોય તે પણ જણાવેલ છે પરંતુ અરજદારે મુળ અરજીમાં તેની નકલોની માંગણી કરેલ હોય તેની નકલો પૂરી પડાયેલ નથી. જયારે મુદ્દા નં.૪ માં અરજદારે અપાયેલી નોટીસો અંગેનો સમાવેશ મુદ્દા નં.૩ માં થયેલ છે તેમાં કાર્યવાહી ન હોય તે અંગેની જવાબદારી બાબત હેઠળ જાહેર માહિતી અધિકારીએ માંગેલ વિગત માહિતી અધિકારના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાથી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે અપીલમાં માત્ર વરાછાઝોનના જાહેર માહિતી અધિકારીને પક્ષકાર બનાવેલ છે તેથી તેમને સ્પર્શતા મુદ્દા નં.૩ અને ૪ પૂરતી અપીલ હોવાનું સ્પષ્ટ થાય છે. અરજદારે મુદ્દા નં.૪ અંગે નોટીસો આપ્યા બાદ કાર્યવાહી ન થઈ હોય તો જુની. ઈજનેર /ડે.ઈજનેર ની કેટલી જવાબદારી બને તેની વિગત માંગેલ છે. જે નાગરિક અધિકાર પત્રનો પણ ભાગ હોવા સાથે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની ગણાય. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. અરજદારે મુદ્દા નં.૧ અને ૨ બાબતે માહિતી મળ્યા બાદ કોઈ નારાજગી દર્શાવેલ નથી. આથી અરજદારને મુદ્દા નં.૧ અને ૨ બાબતે કોઈ તકરારને સ્થાન નથી. તેવું માનવાને કારણ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ માં જણાવેલ નોટીસો અંગેની નકલોની તથા જવાબદારી કેટલી બને તે માહિતી જહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોઈ મુદ્દા નં.૩ ની નકલો તથા મુદ્દા નં.૪ અંગે જો આવી નોટીસો બાદ કાર્યવાહી નહીં થવાના કિસ્સામાં જાહેર સત્ત મંડળ કક્ષાએ જવાબદારી મુકરર કરવાના કોઈ નિયમ કે જોગવાઈ હોય તો તેને અનુલક્ષી તેવી માહિતી અન્યથા તે દફતરી હકીકત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન ઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ